સહાયક નાનાલાલ જાની — હિંમતનગર
વકીલ, જીલ્લા સાબરકાંઠા — તા. ૧૨-૪-૭૨.
હિંમતનગર.

રજીસ્ટર્ડ નોટીસ

શ્રી કા.વીરજીભાઈ કે. પટેલ તથા જાગૃતી આશ્રમ

ધનસુરા, જીલ્લા સાબરકાંઠા.

અમારા લીખી કંપા તાલુકે હિંમતનગરના અસીલ રવજીભાઈ કાનજીભાઈ પટેલ ની સુચનાથી આ નોટીસથી તમને ખબર આપીને ચેતવણી આપવામાં આવે છે કે :-

તમો તથા અમારા અસીલ એક જ જ્ઞાતીના બંધુઓ છો. અને કચ્છમાંથી આવી અહીં ગુજરાતમાં વસવાટ કરેલ છે. તમો તથા અમારા અસીલ પ્રથમ સતપંથી સનાતન ધર્મમાં કે જેની સંસ્થા પીરાણા મુકામે છે. તે સંપ્રદાયમાં તમો માનતા હતા.

આ પછી તમો અમો તે કારણોસર આ સતપંથી ધર્મમાંથી - મુકત થઈ છતાં તમો તથા અમારા અસીલ એક જ જ્ઞાતીના હોઈ જ્ઞાતીના હીત ની ખાતર તેમજ જ્ઞાતીનો ઉદય થાય અને તે રોજ બરોજ આગળ વધે તે માટે સંપ તથા સુલેહથી કાર્ય કરવા ધનસુરા મુકામે કચ્છ કડવા પાટીદાર યુવક મંડળની સ્થાપના સને ૧૯૫૫ માં કરી આ વખતે બંધારણમાં પણ અમારા અસીલ તથા સતપંથી ધર્મના અનુયાયી ઓ અનુયાયીઓ તથા તમો અને તમારા અનુયાયીઓ મળી જ્ઞાતીના ઉત્કર્ષની ખાતર કોઈ પણ ધર્મની ટીકા ન કરતાં જ્ઞાતીના હીતનું જ કાર્ય કરવા નક્કી કરેલ. તે મુજબ અમારા અસીલ તથા તમો કાર્યવાહકોમાં સામેલ થઈને એક રાગ થી જ્ઞાતીના ઉત્કર્ષનું કાર્ય

મહાદેવ નાનાલાલ જાની
વકીલ, જીલ્લા સાબરકાંઠા
હિંમતનગર.

હિંમતનગર
તા. ૧૨-૪-૭૨.

રજીસ્ટર્ડ નોટીસ

શ્રી કા.વીરાભાઈ કે. પટેલ તથા જમુનાબેન [illegible]

ધનસુરા, જીલ્લા સાબરકાંઠા .

અમારા લીખી કંપા તાલુકે હિંમતનગરના અસીલ રવજીભાઈ કાનજીભાઈ પટેલ ની સુચનાથી આ નોટીસથી તમને ખબર આપીને ચેતવણી આપવામાં આવે છે કે :-

તમો તથા અમારા અસીલ એક જ જ્ઞાતીના બંધુઓ છો. અને કચ્છમાંથી આવી અહીં ગુજરાતમાં વસવાટ કરેલ છે. તમો તથા અમારા અસીલ પુજ્ય સતપંથી સનાતન ધર્મમાં કે જેની સંસ્થા પીરાણા મુકામે છે. તે સંપ્રદાયમાં તમો માનતા હતા.

આ પછી તમો અમો તે કારણોસર આ સતપંથી ધર્મમાંથી મુક્ત થયા છતાં તમો તથા અમારા અસીલ એક જ જ્ઞાતીના હોઈ જ્ઞાતીના હીત ની ખાતર તેમજ જ્ઞાતીનો ઉદય થાય અને તે રોજ બરોજ આગળ વધે તે માટે સંપ તથા સુલેહથી કાર્ય કરવા ધનસુરા મુકામે કચ્છ કડવા પાટીદાર યુવક સંઘની સ્થાપના સને ૧૯૫૫ માં કરી આ વખતે બંધારણમાં પણ અમારા અસીલ તથા સતપંથી ધર્મના અનુયાયી ઓએ અનુયાયીઓએ તથા તમો અને તમારા અનુયાયીઓએ મળી જ્ઞાતીના ઉત્કર્ષની ખાતર કોઈ પણ ધર્મની ટીકા ન કરતાં જ્ઞાતીના હીતનું જ કાર્ય કરવા નક્કી કરેલ. તે મુજબ અમારા અસીલ તથા તમો કાર્યવાહકોમાં સંપ થઈને એક રાગ થી જ્ઞાતીના ઉત્કર્ષનું કાર્ય

કરવા જાગૃતી માસીક પ્રગટ કર્યું. અને જ્ઞાતીના ઉત્કર્ષના કાર્યમાં લાગી ગયા.

સાદર બાદ તમો તમારા અંગત કારકીર્દ તથા તમારા આંતરીક વિચારોને બહાર લાવવા સતપંથ ધર્મની ટીકા કરવી શરૂ કરી. અને તે માસીકમાં પણ પ્રગટ કરવા લાગ્યા. આ સંબંધમાં અમારા અસીલ તથા સતપંથના અનુયાયીઓએ તમને અનેક વાર રૂબરૂમાં તેમજ જાહેરમાં તેમજ જાહેર પત્રિકાઓ મારફત-આવી કોઈ ધાર્મિક લાગણીઓને દુઃખ તથા કોઈની બદનક્ષી થાય તેવા લખાણો ન લખવા તમને વિનંતીઓ કરેલી. આ સંબંધમાં ધનસુરા મુકામે જ્ઞાતી સમાજની મુલાકાતમાં ઘણી જ મોટીઓએ પણ મળેલી. તેમ છતાં તમો તમારો ઈર્ષાળુ દ્વેષ પુર્ણ સ્વભાવ નોતો છોડતા નથી.

તમારુ જાગૃતી માસીક નું પ્રકાશક સંપાદક નું સંપાદક મંડળ તથા હાલનું સંપાદક મંડળ આવા તમારા કાર્યમાં તમને ખોટી રીતે વેગ આપી રહ્યું છે. અને અમારા અસીલ ની તથા સમગ્ર સતપંથ સંપ્રદાયના અનુયાયીઓની ધાર્મિક લાગણીઓને દુભાવી રહ્યા છો. તથા તેમની બદનક્ષી કરી રહ્યા છો. હાલમાં જાન્યુઆરી ૧૯૭૨ ના જાગૃતી માસીકના અંક પહેલામાં લખી આવેથી લેખો લખી તમો હદ વટાવી ગયા છો. તે તમારા સમગ્ર લેખથી અમારા અસીલ તથા સતપંથ સંપ્રદાયના સમગ્ર વિભાગના અનુયાયીઓની ભારે ધાર્મિક લાગણીઓને દુઃખ છે. અને તેમની ભારે બદનક્ષી થઈ છે. તમે જાણી જોઈને, ઈરાદા પુર્વક અમારા અસીલને તથા સતપંથ સંપ્રદાય ના અનુયાયીઓને હલકા પાડવા તથા બીજી જ્ઞાતીઓમાંથી તથા બીજા ધર્મોથી બદનામ કરવાના હેતુથી દ્વેષ-પુર્ણ ભાવથી આવા લેખો પ્રગટ કરો છો. અને તેમ કરી અમારા અસીલની તથા સતપંથના અનુયાયીઓની ધાર્મિક લાગણીઓ તથા સમાજને દુભાવી રહ્યા છો.

અને આવા તમારા ફતવો માટે તમો તથા તમારું સંપાદક મંડળ [illegible] સર્વ શ્રી નાનજીભાઈ કે પટેલ આધ્યતંત્રી તથા સાવિત્રીબેન એસ વેલાણી તથા રવીભાઈ એમ પટેલ તથા વાડીભાઈ એમ કે. પટેલ તથા ડૉક્ટર હંસરાજભાઈ એમ પટેલ તથા ડૉક્ટર ધનજીભાઈ કે પટેલ તથા રતીલાલ એમ પટેલ તથા વિઠલભાઈ કે પટેલ વિગેરે જવાબદાર છો.

અમારા અસીલ રવજીભાઈ તથા સતપંથ સંપ્રદાયના અનુયાયીઓ હીન્દુ ધર્મમાં માને છે. હીન્દુ ધર્મના તમામ દેવ દેવીઓને માને છે. અને હીન્દુ વીધી તથા રીત રીવાજમાં માને છે. અને તેને અનુસરે છે. સતપંથ કેવો છે. કોણે સ્થાપ્યો છે. તથા તેનું શું ધ્યેય છે. તથા તેનું શું રહસ્ય છે. તે ધર્મ સંદેશ માસીકના અંક જાન્યુઆરી ૧૯૭૨ ના અંક પાંચના માસીકમાં શ્રી સતપંથના સંત ભાભારામના નામ ઉપર લખાયેલ 'કવી કલાથી' ના લેખથી તમો જાણી શકશો. કે સતપંથ ધર્મ શું છે. તેના સ્થાપક તથા નીયમો શું છે. કે જેની. તથા તેની વીધી ક્રીયાઓની તમો ટીકાઓ કરો છો. કે જેનો આલેખ માં પ્રસીદ્ધ કરવામાં આવેલો છે.

અમારા અસીલ સતપંથ સંપ્રદાયમાં માને છે. તેમજ તેઓ વિશ્વભરની મહાન સોસાયટી [illegible] બ્રહ્મ વિદ્યા મંડળ (થીયોસોફીકલ સોસાયટી) ના પ્રતિનિધિ તથા અનુયાયી છે. અને સર્વ ધર્મ પ્રત્યેનો તેમનો અભ્યાસ અને અનુભવ છે. તેમજ ગુજરાતી સાહિત્ય પરીષદના સભ્ય છે. તેવો થીયોસોફીકલ તથા સાહિત્ય પરીષદોમાં દીલ્હી સુરત મુંબઈ વડોદરા અમદાવાદ મહેસાણા, ગોધરા વિગેરે તમામ સભાઓમાં હાજરી આપે છે.

છે.

આથી અમારા અસીલ સતપંથ સંપ્રદાયના સમગ્ર વિભાગના અનુયાયીઓ વતીથી મળેલી સત્તાની રૂઈએ તથા તેમના તરફથી આ નોટીસથી તમને છેલ્લી ખબર આપીને ચેતવણી આપવામાં આવે છે કે તમો તથા તમારૂં સંપાદક મંડળ આવી ધર્મ લાગણીઓ દુભાવતી તથા બદનામી કરતી પ્રવૃતીઓ તથા લેખો અને પત્રીકાઓ બંધ કરશો તથા કરાવશો. અમારા અસીલની તથા તમારી જ્ઞાતીના ઉત્કર્ષ - માટે તથા સંપ સુલેહ તથા સંઘઠાન માટે જે બંધારણ ઘડયું છે, તેનું પાલન કરો તેને વળગી રહી જ્ઞાતીના અભ્યુદયનું કાર્ય કરશો. અને જો તેમ કરવામાં કસુર કરશો તો [illegible] સામે તથા જાગૃતી માસીકના સંપાદક મંડળ સામે કાયદેસરના ફોજદારી પગલાં ભરવામાં આવશે, ને જ્યાં થતા તમામ ખર્ચની તથા નીપજતા તમામ પરીણામોની જવાબદારી તમારા શીરેરહેશે. તેની આથી નોંધ લેશો. અને આ નોટીસનો જવાબ નોટીસ પહોંચ્યાથી દીન પંદરમાં અમારા અસીલને જવાબ આપશો; તેની પણ નોંધ લેશો.

આ નોટીસ તમારી કસુર બદલ આપવી પડેલ હોઈ તેનું ખર્ચ પણ તમારા શીર છે. તેની પણ આથી નોંધ લેશો.

Through me
[illegible]
Pleader

રવજીભાઈ કાનજીભાઈ પટેલ
ની. [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]